# ગુજરાત ઉચ્ચ ન્યાયાલય

## <u>પરિપત્ર</u>

**No.ITC/75/2023**

### સમગ્ર ગુજરાત રાજ્યમાંથી ટ્રાફિક ઈ-ચલણ માટે
### અમદાવાદની મેટ્રોપોલિટન કોર્ટ ખાતે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરૂઆત

તમામ હિતધારકોના લાભાર્થે, નિર્દેશાનુસાર જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં ટ્રાફિક પોલીસ અને આરટીઓના ચલણો સાથે **વન નેશન વન ચલન** પ્રોજેક્ટનું સફળ સંકલન થતાં, માનનીય સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાની ઈ-કમિટીના માર્ગદર્શન તેમજ મહારાષ્ટ્ર ખાતેની NIC, પુણે ટીમની સહાયતાથી ઇ-કોર્ટ પ્રોજેક્ટના નેજા હેઠળ **વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટ** સમગ્ર ગુજરાત રાજ્ય માટે શરૂ આવેલ છે.

માનનીય કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તેમજ હાઈકોર્ટની I.T. કમિટીના અધ્યક્ષ શ્રી જસ્ટિસ એ.જે. દેસાઈ, અને I.T. કમિટી ના માનનીય ન્યાયાધીશશ્રીઓ ની મંજૂરી અને માર્ગદર્શન અનુસાર મેટ્રોપોલિટન કોર્ટ, અમદાવાદ ખાતે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટને આજરોજ તારીખ **૩જી મે, ૨૦૨૩** થી કાર્યરત કરવામાં આવેલ છે.

વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરૂઆત પક્ષકારોની કોર્ટમાં રૂબરૂ હાજર થવાની જરૂરિયાતને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી છે. વર્ચ્યુઅલ કોર્ટ સિસ્ટમ ની વ્યવસ્થા કોર્ટના વપરાશકર્તાઓ અને વાહન માલિકોને તમામ કાર્યવાહી ઓનલાઈન કરવાની સુવિધા આપે છે.

જો ઇ-ચલણની દંડની રકમ ૯૦ દિવસની અંદર ચૂકવવામાં ન આવે, તો ઇ-ચલણ આપમેળે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટના સર્વર પર મોકલી દેવામાં આવશે. વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટના આ કેસ હાથ ધરવા પર અને નોટિસ કાઢવાની કાર્યવાહી કરવાથી, વાહન માલિકના મોબાઈલ ફોન પર SMS દ્વારા નોટિસ મોકલવામાં આવશે. ત્યારપછી, વાહન માલિક વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટ દ્વારા નિર્દિષ્ટ કરાયેલ દંડ ઓનલાઈન પેમેન્ટ દ્વારા ચૂકવી શકે છે અથવા ઈચ્છે તો, નિયમિત કોર્ટમાં કેસ લડવાનું પસંદ કરી શકે છે.

વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટ https://vcourts.gov.in/virtualcourt/ લિંક પર ઉપલબ્ધ છે. વપરાશકર્તાઓ માટે માર્ગદર્શિકા વિગેરે ગુજરાત ઉચ્ચ ન્યાયાલયની વેબસાઈટની લિંક https://gujaratighcourt.nic.in/virtualtrafficcourt પરથી મળી રહેશે.

સહી/-

**તારીખ: 0૩-0૫-૨0૨૩** **રજિસ્ટ્રાર જનરલ**

**પ્રતિ,**

1. **ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ.**
2. **અધિક મુખ્ય સચિવ (ગૃહ), ગુજરાત સરકાર.**
3. **સચિવ, કાયદા વિભાગ, ગુજરાત સરકાર.**
4. **પોલીસ મહાનિરીક્ષક (રાજ્ય ટ્રાફિક શાખા), ગુજરાત સરકાર.**
5. **પરિવહન કમિશનર, વાહનવ્યવહાર કમિશનરેટ, ગુજરાત સરકાર.**
6. **NIC eChallan ટીમ, ગાંધીનગર અને NIC - HQ, નવી દિલ્હી .**